



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩







સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ અંક : ૭ * * * સંવત ૨૦૮૦ આસો વદ અગિયારસ , સોમવાર ૨૮ ઓક્ટોબર, ૨૦૨૪ * * * દૈનિક : ૮૭ પાનાં ૧૨+૮ કિંમત ₹ ૫.૦૦


# મોદી આજે વડોદરામાં : સ્પેનના PM સાથે રોડ શો

### અમરેલી ખાતે રૂા. 4800 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે

ગાંધીનગર : પીએમ નરેન્દ્ર મોદી આવતીકાલે 28 ઓક્ટોબરના રોજ વડોદરા તથા અમરેલીની મુલાકાતે આવી રહ્યાં છે. પીએમ મોદી અમરેલી જિલ્લા ખાતે 4800 કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહુર્ત કરશે, જેમાં અમરેલી, જામનગર, મોરબી, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ, પોરબંદર, કચ્છ અને બોટાદ જિલ્લાના લગભગ 1600 જેટલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.જયારે વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ આગામી 28 ઓક્ટોબરના રોજ ગુજરાતના વડોદરા ખાતે ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિ. ની ફાઈનલ એસેમ્બ્લી લાઈન (FAL), જે એક C-295 એરક્રાફ્ટ ફેસિલિટી છે, તેનું ઉદ્ઘાટન કરશે. પીએમ મોદી તથા સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાંચેઝ સાથે સંયુક્ત રોડ શો પણ યોજાનાર છે.

ભારતીય વાયુ સેના માટે એરક્રાફ્ટ C-295 ઉત્પાદનનો પ્રોગ્રામ એ 'મેક ઈન ઈન્ડિયા' પહેલ હેઠળ ભારતના ખાનગી ક્ષેત્રનો પ્રથમ એરોસ્પેસ પ્રોજેક્ટ છે. ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ

...અનુસંધાન પાના 7 પર

## નરેન્દ્ર મોદી અને પેડ્રો સાંચેઝના રોડ શોનો આખો રૂટ પોલીસ છાવણીમાં ફેરવાયો



**(પ્રતિનિધિ) વડોદરા તા.27.** આજે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનનાં પીએમ પેડ્રો સાંચેઝ વડોદરા મુલાકાત લીધા બાદ બાદ ટાટા એરક્રાફ્ટના ઉદઘાટના કાર્યક્રમમાં પહોંચવા માટે ભવ્ય રોડ યોજાશે. એરપોર્ટ ખોડિયારનગર ખાતે રોડ શો દ્વારા પહોંચવાના હોય એરપોર્ટથી ન્યુ વીઆઇપી રોડ પર ટાટા એરક્રાફ્ટ કોમ્પલેક્ષ સુધી પોલીસ દ્વારા ઉચ્ચ પોલીસ અધિકારીઓની હાજરીમાં

...અનુસંધાન પાના 7 પર

### મોદી આ વિકાસ કામોનું ખાતમુહુર્ત અને લોકાર્પણ કરશે

- બોટાદ જિલ્લામાં નાવડાથી ચાવંડ બલ્ક પાઇપલાઇનનું લોકાર્પણ કરશે
- 35 કરોડના ખર્ચે નિર્મિત ભારતમાતા સરોવરનું લોકાર્પણ
- 1094 કરોડના ખર્ચે ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટનું લોકાર્પણ
- ભુજ-નલિયા ગેજ કન્વર્ઝન પ્રોજેક્ટ દેશને સમર્પિત કરશે
- પ્રવાસન સંબંધિત 200 કરોડના વિકાસકાર્યોનું ખાતમુહુર્ત કરશે



### ખોડિયારનગરમાં PMના ફોટાવાળુ બેનર ત્રણ શખ્સોએ ફાડી નાખ્યાં

**વડોદરા.** આજે વડાપ્રધાન મોદી તથા સ્પેનન પીએમ વડોદરાના ખોડિયારનગર ખાતે એરક્રાફ્ટના ઉદઘાટન કાર્યક્રમ આવનાર છે. જેને લઇને પ્રાઇવેટ કંપની દ્વારા મોદીનું બ્રાન્ડિંગ કરવા માટે મસમોટા વડાપ્રધાનના ફોટાવાળુ મસમોટી બેનર સાંઇદિપનગર ખાતે ગોઠવ્યું હતું. ત્યારે ત્રણ શખ્સોએ ફાડી નાખી પબ્લિક પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યું હતું. જેથી પોલીસે ત્રિપુટી પૈકી એકને પોલીસે ઝડપી પાડી અન્ય બેની શોધખોળ હાથ ધરી છે. અમદાવાદ શહેરના કલ્પતરુ હોમ મયુરકુમાર મહેન્દ્રભાઇ પટેલે આશ્રમ રોડ પર આવેલી એસ્કોમ મીડિયા નામની કંપનીમાં ઇવેન્ટ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરી છે. તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવી છે કે ગત 17 ઓક્ટોબરના રોજ અમદાવાદથી વડોદરા ખાતે આવ્યો હતો. વડાપ્રધાન નરેન્દ્ર

...અનુસંધાન પાના 7 પર

## શ્રીનગરના દાલ લેકમાં મહિલા શક્તિનું જળ પ્રદર્શન, પ્રથમ મહિલા બોટ રેસ યોજાઇ



રવિવારે દાલ તળાવમાં પ્રથમ વખત સ્થાનિક મહિલાઓની પ્રતિભા અને હિંમત દર્શાવતી પરંપરાગત મહિલા બોટ રેસનું આયોજન કરવામાં આવ્યું હતું. વોટર સ્પોર્ટ્સને પ્રોત્સાહન આપવા અને પરંપરાગત પ્રવૃત્તિઓમાં મહિલાઓની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્ય સાથે પ્રવાસન વિભાગ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રેસમાં વિવિધ સ્થાનિક સમુદાયોના સહભાગીઓએ તળાવના શાંત પાણીમાં સુંદર રીતે શણગારેલા શિકારામાં હોડીઓ ચલાવવામાં તેમનું કૌશલ્ય દર્શાવ્યું હતું. રેસના સફળ આયોજન પછી, તેને વાર્ષિક પરંપરા બનાવવાની એક યોજના તૈયાર કરવામાં આવી હતી કે જેનાથી કાશ્મીરના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સાચવવામાં આવશે. રેસ પૂરી થયા પછી વિજેતાઓને ઈનામો આપવામાં આવ્યા, પરંતુ ખરી જીત તમામ સ્પર્ધકોની એકતા અને ઉત્સાહ સ્વરૂપે જોવા મળી હતી.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી પર PM મોદી 30મીએ દિપોત્સવ પર્વ ઉજવશે

**ભરૂચ:** એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી માં રાષ્ટ્રીય એકતા દિવસની 31મી ઓક્ટોબર સરદાર જ્યંતીની ઉજવણીની પૂર્વ સંધ્યાએ પ્રધાનમંત્રી PM નરેન્દ્ર મોદી નર્મદા ઘાટ ખાતે સવા લાખ દિવડાના સથવારે દીપોત્સવ પર્વની ઉજવણી કરશે. કેવડિયા એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટી પર દિવાળી પર્વ અને રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીના પર્વનો શુભ સમન્વય PM નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં ઉજવવા જઈ રહ્યો છે. 31મી ઓક્ટોબરના રોજ સરદાર પટેલ સાહેબની 149મી જન્મજયંતિ પ્રસંગે નર્મદા જિલ્લાના એકતાનગર- કેવડિયા ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય એકતા પરેડ કાર્યક્રમ યોજાશે. શૂલપાણેશ્વર મહાદેવ મંદિર નજીક ગોરા નર્મદા ઘાટ ખાતે

...અનુસંધાન પાના 7 પર

## ન્યૂઝ બ્રીફ

### મધ્ય પ્રદેશમાં ચાલતી ટ્રેનના એન્જિનમાં આગ લાગી: પ્રવાસીઓ કૂદ્યા

**રતલામ.** મધ્ય પ્રદેશમાં ઇન્દોરથી રતલામ જઇ રહેલી એક પેસેન્જર ટ્રેનના એન્જિનમાં આગ લાગી ગઇ હતી. ધુમાડો નિકળતો જોઇને ટ્રેનના ડ્રાઇવરે ટ્રેન થોભાવી દીધી હતી. અચાનક ટ્રેન અટકી જતા અને ધુમાડો નિકળતો જોઇને યાત્રીઓમાં અફરાતફરી મચી ગઇ હતી અને તેઓ ટ્રેનમાંથી ઉતરીને ભાગવા માંડ્યા હતા. આ ઘટના આજે રવિવારે સાંજે સવા પાંચ વાગ્યે રતલામથી લગભગ 30 કિમી દૂર પ્રિતમ નગર અને રુનીજા સ્ટેશનો વચ્ચે બની હતી. આ ટ્રેન ડેમુ ટ્રેન હતી. તે મહુથી ઇંદોર થઇને રતલામ જતી હતી. આ ટ્રેનના એન્જિનમાં આગ લાગ્યા પછી ડ્રાઇવરે ટ્રેન થોભાવી દીધી હતી અને એમ કહેવાય છે કે તેણે જ લોકોને ટ્રેનમાંથી ઉતરી જવા કહ્યું હતુ. લોકો ગભરાઇને પોતાનો સામાન લઇને નજીકના ખેતરોમાં ભાગ્યા હતા. ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી પરંતુ રસ્તામાં પુલ બનતો હોવાથી બંબાને આવતા વાર લાગી હતી અને તે દરમ્યાન નજીકના ગામ લોકોએ જ પાણીનો મારો ચલાવીને આગ હોલવી નાખી હતી. બાદમાં બીજુ એન્જિન લાવીને આ ટ્રેનને રતલામ લાવવામાં આવી હતી.

### સરકારે લવાદી કાયદામાં સુધારા માટેના ખરડાનો મુસદ્દો તૈયાર કર્યો

**નવી દિલ્હી.** સંસ્થાકીય લવાદને વધુ ઉત્તેજન આપવા અને આવા કેસોમાં અદાલતનો હસ્તક્ષેપ ઘટાડવા માગતી સરકારે લવાદી કાયદામાં સુધારા માટેના ખરડાનો મુસદ્દો રજૂ કર્યો છે અને સૂચિત સુધારા માટે તેના પર હિતધારકોના વિચારો મંગાવ્યા છે. કાયદા મંત્રાલયના કાનૂની બાબતોના વિભાગે આ આર્બિટ્રેશન એન્ડ કન્સીલીએશન(એમેન્ડમેન્ટ) બિલ, ૨૦૨૪ પર ટિપ્પણીઓ મંગાવી છે અને કહ્યું છે કે આ સુધારાનો હેતુ સંસ્થાકીય લવાદને વધુ ઉત્તેજન આવપાનો, લવાદની પ્રક્રિયામાં અદાલતનો હસ્તક્ષેપ ઘટાડવાનો અને લવાદી પ્રક્રિયાઓનું સમયસર નિરાકરણ આવી જાય તે જોવાનો છે.

તા. ૨૭-૧૦-૨૦૨૪નું સુરત શહેરનું

**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૫.૬° સે. | ૨૩.૯° સે. | ૫૫% |

## દિલ્હીની હવાની ગુણવત્તા ખૂબ જ નબળી, ઘણાં ઠેકાણે એક્યુઆઇ ગંભીર સ્તરે

### શનિવારના 255ની તુલનામાં રવિવારે દિલ્હીનો એર ક્વોલિટી ઇન્ડેક્સ 359 નોંધાયો

**નવી દિલ્હી, તા. 27 (PTI) :** બે દિવસના અંતરાલ પછી દિલ્હીની હવાની ગુણવત્તા રવિવારે ફરીથી 'ખૂબ જ નબળી' શ્રેણીમાં પહોંચી ગઈ હતી. કારણ કે, રાષ્ટ્રીય રાજધાનીમાં છેલ્લા કેટલાક દિવસોથી પ્રદૂષણના સ્તરમાં સુધારો કરે એવા પવનની ગતિ ઓછી થઈ ગઈ હતી. સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (સીપીસીબી) ના ડેટા અનુસાર, સવારે 9 વાગ્યે દિલ્હીનો એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ) 359 નોંધાયો હતો, જે શનિવારના 255ની તુલનામાં નોંધપાત્ર વધારો છે. વિભાગ દ્વારા 40માંથી 36 મોનિટરિંગ સ્ટેશનનો ડેટા શેર કરવામાં આવ્યો હતો. આ પૈકી આઠ સ્ટેશનો - આનંદ વિહાર, અલીપુર, બવાના, જહાંગીરપુરી, મુંડકા, વજીરપુર, વિવેક વિહાર અને સોનિયા વિહારનો એક્યુઆઈ રીડિંગ 'ગંભીર' શ્રેણીમાં છે, જ્યારે બાકીના 28 સ્ટેશન 'ખૂબ જ નબળી' શ્રેણીમાં છે.

...અનુસંધાન પાના 7 પર



### પ્રતિબંધ છતાં દિલ્હી-NCRના 18 ટકા પરિવારોની ફટાકડાં ફોડવાની યોજના : સર્વે

**નવી દિલ્હી.** દિવાળી પહેલા દિલ્હી-એનસીઆરમાં હાથ ધરવામાં આવેલા એક સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે, 18 ટકા ઉત્તરદાતાઓ પ્રકાશના તહેવાર દરમિયાન ફટાકડા ફોડવાની યોજના ધરાવે છે, જ્યારે 55 ટકા લોકો આવું કરવા માગતા નથી. લોકલસર્કલ દ્વારા 10,526 સેમ્પલ સાઇઝ સાથે હાથ ધરવામાં આવેલા સર્વેમાં જણાવાયું હતું કે પ્રશ્નનો જવાબ આપનારાઓમાં 55 ટકા લોકોએ કહ્યું કે, તેઓ ફટાકડા ફોડશે નહીં. કારણ કે, તેનાથી પ્રદૂષણ થાય છે, જ્યારે 19 ટકાએ કહ્યું કે,

...અનુસંધાન પાના 7 પર

## મુંબઇના બાંદ્રા રેલવે સ્ટેશને તહેવારોની ભીડમાં ભાગદોડ : નવને ઇજા

### યુપીના ગોરખપુર જવા માટેની એક ટ્રેન હજી તો પ્લેટફોર્મ પર પ્રવેશી રહી હતી અને લોકોએ તેમાં ચડવા ભારે ધસારો કર્યો, કેટલાક લોકો નીચે પટકાયા, બે ગંભીર

**મુંબઇ, તા. 27 (PTI):** મુંબઇના બાંદ્રા રેલવે સ્ટેશન પર આજે ગોરખપુર જતી એક ટ્રેનમાં ચડવા માટે ભારે ધસારો થતા કચડાકચડી સર્જાઇ હતી અને તેમાં નવ જણાને ઇજા થઇ હતી અને સિવિક અને ડીઝાસ્ટર કન્ટ્રોલ અધિકારીઓએ જણાવ્યું હતું.

બીજી બાજુ, પશ્ચિમ રેલવેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આ બનાવમાં બે વ્યક્તિઓને ઇજા થઇ હતી. આગામી દિવાળી અને છઠ ઉત્સવો માટે મોટી સંખ્યામાં લોકો તેમના વતન જવા માટે બાંદ્રા ટર્મિનસ રેલવે સ્ટેશન પર પહોંચ્યા હતા. એક અનારક્ષિત ટ્રેન પ્લેટફોર્મ પર આવી રહી હતી ત્યારે તેમાં ચડવા માટે ભારે ધસારો થયો હતો એમ સૂત્રોએ

...અનુસંધાન પાના 7 પર



### બાંદ્રાની ઘટના પછી મુંબઇથી સુરત સુધીના સ્ટેશનો પર ભીડને નિયંત્રિત કરવા પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર પ્રતિબંધ

**મુંબઇ.** મધ્ય રેલવેએ રવિવારે તહેવારોની ભીડ ઘટાડવા માટે મુખ્ય સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટના વેચાણ પર અસ્થાયી પ્રતિબંધ લાદ્યો હતો. આ પગલું પશ્ચિમ રેલવેના બાંદ્રા ટર્મિનસ પર ઉત્તર પ્રદેશના ગોરખાપુર જતી ટ્રેનમાં ચડવાનો પ્રયાસ કરતી વખતે નવ લોકો ઘાયલ થયાના કલાકો પછી લેવામાં આવ્યું છે. દિવસ દરમિયાન જારી કરાયેલા એક પ્રકાશનમાં સીઆરએ જણાવ્યું હતું કે, છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ, દાદર, કુર્લા એલટીટી, થાણે, કલ્યાણ, પુણે અને નાગપુર સ્ટેશનો પર પ્લેટફોર્મ ટિકિટ વેચાણ પ્રતિબંધો તાત્કાલિક અસરથી લાગુ થશે. પશ્ચિમ રેલવેએ

...અનુસંધાન પાના 7 પર

### બાંદ્રા ટર્મિનસ પર નાસભાગના વાયરલ વીડિયોમાં અફરાતફરી અને અરાજકતા જોવા મળી

**મુંબઇ.** રવિવારે સવારે પશ્ચિમ રેલવેના બાંદ્રા ટર્મિનસ પર અરાજકતા અને અફડાતફડીનો માહોલ સર્જાયો હતો, જ્યારે દિવાળી અને છઠ માટે તેમના વતન સ્થાનો પર પહોંચવા માટે લોકોએ ચાલતી ટ્રેનમાં

...અનુસંધાન પાના 7 પર

## ઇઝરાયેલમાં મોસાદ હેડક્વાર્ટર નજીક બસ સ્ટોપ પર ટ્રકથી હુમલો, એકનું મોત, 35 ઘાયલ



### કેટલાક લોકો વાહનોની નીચે ફસાયા, ઘાયલોમાંથી છની હાલત ગંભીર

### હુમલાખોર ઇઝરાયલમાં રહેતો આરબ નાગરિક હોવાનો પોલીસનો દાવો

**તેલ અવીવ, તા. 27 (AP) :** પ્રથમ પ્રતિસાદકર્તાઓ અનુસાર, ઇઝરાયલી શહેર તેલ અવીવ નજીકના બસ સ્ટોપમાં એક ટ્રક ઘૂસી ગઈ હતી, જેમાં 35 લોકો ઘાયલ થયા હતા, ચિલોવ મેડિકલ સેન્ટરે અહેવાલ આપ્યો હતો કે એક વ્યક્તિનું મૃત્યુ થયું હતું. ઈઝરાયેલ પોલીસે તેને હુમલો ગણાવ્યો હતો અને કહ્યું હતું કે, હુમલાખોર ઈઝરાયેલનો આરબ નાગરિક હતો. આ ટક્કર ઈઝરાયેલની મોસાદ જાસૂસી સંસ્થાના હેડક્વાર્ટર પાસે થઈ હતી. તેલ અવીવના ઉત્તરપૂર્વમાં રામત હાશરોન શહેરમાં ટ્રક એક સ્ટોપ પર બસ સાથે અથડાઈ હતી, જ્યારે ઈઝરાયેલીઓ એક અઠવાડિયાની રજા પછી કામ પર પાછા ફરી રહ્યા હતા. આ હુમલામાં કેટલાક લોકો વાહનોની નીચે ફસાઈ ગયા હતા. મોસાદ હેડક્વાર્ટર અને લશ્કરી

...અનુસંધાન પાના 7 પર

## વધુ ૫૦ ફ્લાઈટોને બોમ્બની ધમકી મળી, બે ડાઈવર્ટ

### છેલ્લા ૧૪ દિવસમાં ૩૫૦ ફ્લાઇટોને પોકળ ધમકીઓ મળી

### આવી ધમકી આપનારાઓ ભવિષ્યમાં હવાઇ મુસાફરી નહીં કરી શકે તેવી સજાની જોગવાઇ કરવાની કેન્દ્રની હિલચાલ

**નવી દિલ્હી, તા. 27 (PTI):** ભારતીય એરલાઈનો દ્વારા સંચાલિત ઓછામાં ઓછી ૫૦ ફ્લાઈટોને આજે બોમ્બની ધમકીઓ મળી હતી એમ સૂત્રોએ જણાવ્યું હતું. છેલ્લા ૧૪ દિવસમાં ભારતીય કેરિયરો દ્વારા ઓપરેટ કરવામાં આવતી ૩૫૦ કરતા વધુ ફ્લાઈટોને બોમ્બની બનાવટી ધમકીઓ મળી છે. આમાંની મોટા ભાગની ધમકીઓ સોશ્યલ મીડિયા મારફતે આપવામાં આવી છે.

અકાસા એર દ્વારા આજે જણાવાયું હતું કે તેની ૧૫ ફ્લાઈટોને સિક્યુરિટી એલર્ટ મળી હતી અને સંપૂર્ણ ચકાસણી કરાયા બાદ તમામ વિમાનો આગળ જવા માટે છૂટા કરાયા હતા. જાણકાર સૂત્રોએ જણાવ્યું હતું કે ઈન્ડિગોને ૧૮ ફ્લાઈટો માટે અને વિસ્તારાને ૧૭ ફ્લાઈટો માટે બોમ્બની ધમકીઓ મળી હતી. ઓછામાં ઓછી બે ઈન્ડિગો ફ્લાઈટને ડાઈવર્ટ કરવામાં આવી હતી, જેમાં પુણેથી જોધપુરની ફ્લાઈટને અમદાવાદ

...અનુસંધાન પાના 7 પર

### લખનૌમાં દસ મોટી હોટલોને બોમ્બની ધમકી

**લખનૌ.** ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌની ઓછામાં ઓછી દસ મોટી હોટલોને આજે ઇમેઇલ વડે બોમ્બની ધમકી મળી હતી. ઇમેઇલમાં ધમકી આપવામાં આવી હતી કે જો ૫૫૦૦૦ ડોલર( રૂ. ૪૬૨૪૨૮૮) ની ખંડણી આપવામાં નહીં આવે તો વિસ્ફોટો થશે. તમારી હોટલના ગ્રાઉન્ડ પર કાળી થેલીઓમાં બોમ્બ સંતાડેલા છે. મને ૫૫૦૦૦ ડોલર જોઇએ છે, અથવા તો હું બોમ્બ ફોડીશ અને દરેક બાજુ લોહી રેલાશે. બોમ્બને ડીફ્યુઝ કરવાનો કોઇ

...અનુસંધાન પાના 7 પર

## ડિજિટલ એરેસ્ટ મામલે પીએમ મોદીએ મંત્ર આપ્યો, 'થોભો, વિચારો અને પગલાં લો'

### દેશમાં સર્જનાત્મક ઊર્જાની લહેર છે અને એનિમેશનની દુનિયામાં 'મેડ ઈન ઈન્ડિયા' દ્વારા પ્રભુત્વ : મન કી બાતમાં મોદી

**નવી દિલ્હી, તા. 27 (PTI) :** દેશમાં 'ડિજિટલ એરેસ્ટ'ના વધતા જતા મામલા અંગે ચિંતા વ્યક્ત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેનાથી બચવા માટે રવિવારે 'થોભો, વિચારો અને પગલાં લો'નો મંત્ર દેશવાસીઓ સાથે શેર કરીને વધુમાં વધુ લોકોને આ વિશે જાગૃતિ ફેલાવવા માટે આહવાન કર્યું હતું. ઓલ ઈન્ડિયા રેડિયોના માસિક રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ના 150મા એપિસોડમાં વડાપ્રધાને એમ પણ કહ્યું હતું કે દેશમાં સર્જનાત્મક ઊર્જાની લહેર છે અને એનિમેશનની દુનિયામાં 'મેડ ઈન ઈન્ડિયા' અને 'મેડ બાય ભારતીયો' દ્વારા પ્રભુત્વ છે. તેમણે કહ્યું કે ભારત એનિમેશનની દુનિયામાં નવી ક્રાંતિના માર્ગ પર છે જ્યારે 'ગેમિંગ સેક્ટર' પણ વિસ્તરી રહ્યું છે અને વિશ્વમાં લોકપ્રિય બની રહ્યું છે. વડાપ્રધાને એમ પણ કહ્યું કે આત્મનિર્ભર બની રહેલું ભારત દરેક ક્ષેત્રમાં અજાયબીઓ કરી રહ્યું છે. 'ડિજિટલ અરેસ્ટ' સંબંધિત છેતરપિંડી કરનાર અને પીડિતા વચ્ચેની વાતચીતનો વીડિયો પણ શેર કરીને તેમણે કહ્યું હતું કે કોઈ એજન્સી ન તો ધમકી આપે છે, ન તો વીડિયો કૉલ પર પૂછપરછ કરે છે, ન પૈસાની માગણી કરે છે. વડા પ્રધાને 'મન કી બાત' ના દર્શકોને વિગતવાર સમજાવ્યું કે આવી છેતરપિંડી ગેંગ કેવી રીતે કામ કરે છે અને તેઓ કેવી રીતે 'ખતરનાક રમત' રમે છે.